પરિપત્ર

નિયામક,સમાજ સુરક્ષા ખાતું
બ્લોક નં ૧૬. ગ્રાઉન્ડ ફ્લોર
ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર

---

નં અપગ/૧૮-૧૯/ ૨૭૧૫ તા-૨૬/03/૨૦૧૯

વિષય :- સંસ્થાની મહેકમની માહિતી નિયત નમૂનાના ૧ થી ૯ પત્રકમાં મોકલવા અંગે

નિયામક, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ૧૦૦% ગ્રાન્ટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓની માહિતી દર માસે સી એમ ડેસ્કબોર્ડ માટે આપવાની થાય છે અને તેની સમીક્ષા દર માસે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા થાય છે.

આ અગાઉ અત્રેથી પરિપત્ર નં અપગ/૧૮-૧૯/૮૨૫૦ તા.૨૬/૧૦/૨૦૧૮ અને પરિપત્ર નં. અપગ/૧૮-૧૯/૮૭૬૪ તા.૦૫/૧૧/૨૦૧૮થી નિયત નમુનાના ૧થી ૮ પત્રકમાં સંસ્થાની માહિતી દર માસે ડી.પી. સેલ શાખામાં રજુ કરવામાં આવતા પગાર બિલ સાથે સામેલ રાખવા જણાવેલ હતું. સદરહુ પરિપત્રોની નકલ આ સાથે સામેલ છે.

આ સાથે સામેલ રાખેલ નિયત નમુનાના પત્રક ૯માં સંસ્થાની માહીતી ૧થી ૮ પત્રકો સાથે સામેલ રાખીને દર માસે ડી.પી. સેલ શાખામાં રજુ કરવામાં આવતા પગાર બીલ સાથે સામેલ રાખીને કુલ ૧થી ૯ પત્રકોની માહિતી પગાર બીલ સાથે રજુ કરવા જણાવવામાં આવે છે.

જે સંસ્થાએ સદરહુ માહિતી પગાર બિલ સાથે સામેલ રાખેલ નહી હોય તે સંસ્થાનુ સદરહુ માસનુ પગાર બિલ અટકાવવામાં આવશે તે બાબતે સંબધિત સંસ્થાઓએ કાળજી લેવાની રહેશે અને હિસાબી અધિકારીશ્રી, ડી.પી.સેલ શાખા દ્વારા પગાર બિલ પાસ કરતી વખતે આ બાબત ધ્યાનમાં લેવાની રહેશે.

બિડાણ :- ઉપર મુજબ

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા. ગાંધીનગર

નકલ રવાના : (૧) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સર્વે સ્વૈ.સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓને જાણ અર્થે

(૨) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ અર્થે.

(૩) હિસાબી અધિકારીશ્રી, ડી.પી.સેલ શાખાને સદરહુ પત્રકો અપગ શાખાને મોકલી આપવા અર્થે



Scanned by CamScanner